Corporate Identity Number [CIN] U65910-GJ1980SGC003957
Email: md-gscsc@gujarat.gov.in Web site: www.gscscl.gujarat.gov.in

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ સેકટર ૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨ ૨૧૦૩૭/૩૮ ફેકસ નં. (૦૭૯) ૨૩૨ ૨૨૭૦૭

## (જાહેરાત ક્રમાંક:ગુ.રા.પુ.નિ.લિ/વર્ગ-૨/૨૦૧૮/૧)

## (વેબ સાઇટ એડ્રેસ :https://ojas.gujarat.gov.in)

ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર ધ્વારા વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે ઓન લાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in/ વેબ સાઇટ પર તારીખ ૨૯.૦૬.૨૦૧૮(બપોરના ૧૪:૦૦કલાક) થી તારીખ ૧૩.૦૭.૨૦૧૮(સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય અને વય મર્યાદામાં છુટછાટ, પરિક્ષા પધ્ધતિની વિગતો, ઓન લાઇન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી, વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપૂર્ણ સુચનાઓ સદર વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે તે તમામ રસ ધરાવતા ઉમેદવારોએ ડાઉનલોડ કરી તેનો અભ્યાસ કર્યા બાદ જરૂરીયાત મુજબના પ્રમાણપત્રો/માર્કશીટ, અનુભવના નિયુક્તિપત્રો, અનુભવના પ્રમાણપત્રો, પગારની સ્લીપ વિગેરે દસ્તાવેજો પોતાની સાથે રાખી પોતાને લગતી વિગતો મુજબ જ ઉમેદવારે ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઓન-લાઇન અરજીમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ થનાર વિગતોમાં વિસંગતતા માલુમ પડશે તો અરજી અમાન્ય રાખવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત (સામાન્ય) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જન જાતિ | | પગાર-ધોરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | મ | પુ | મ | પુ | મ | પુ | મ | (ગ્રેડ પે સાથે) |
| ૧ | નાયબ મેનેજર (કોમર્સ) | ૮ | ૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૯૩૦૦–૩૪૮૦૦ (૪૬૦૦) (સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |
| ૨ | નાયબ મેનેજર (હિસાબ/નાણાં) | ૮ | ૩ | ૨ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૩૦૦–૩૪૮૦૦ (૪૬૦૦) (સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |

નોંધ: માજી સૈનિકના કિસ્સામાં ૧૦% મુજબ ૧+૧=૨ જગ્યા માટે જે કેટેગરીના ઉમેદવાર પ્રાપ્ત થશે તે કેટેગરીના ઉમેદવારની સંખ્યામાં ઘટાડો નોંધાશે.

૧) સદરહુ જાહેરાતની ઓન લાઇન અરજી કન્ફર્મ થયા બાદ જનરલ કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસ ખાતે રૂા.૫૦૦/- તેમજ અનામત (સા.શૈ.પ./એસ.ટી./એસ.સી.) કેટેગરીનાઉમેદવારોએ રૂા.૨૫૦/- મુજબ રોકડમાંપરીક્ષા ફી ભરવાની રહેશે.તમામે પોસ્ટલ ચાર્જ પેટે રૂ.૧૨/- પણ ભરવાના રહેશે અને ચલણ ઓજસ વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

૨) આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યા ઉપર પસંદગી માટે નિગમ નકકી કરે તે હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર.(OMR) પધ્ધતિથી શક્યત: ઓગસ્ટ-૧૮ માં પરીક્ષા લેવામાં આવશે. પસંદગી માટે ઈન્ટરવ્યુ રાખવામાં આવનાર નથી.

૩) મેરીટમાં આવતા ઉમેદવારોએ નિગમ ધ્વારા "CCC+"કોર્સ સમકક્ષ નિગમે નિયત થયેલ કોમ્પ્યુટર વિજ્ઞાનની પરીક્ષામાં પાસ થવું ફરજીયાત રહેશે.

૪) પરીક્ષાને લગતી અન્ય સુચનાઓ પણ વખતોવખત https://ojas.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઈ ઘટીત કાર્યવાહી કરવાની રહેશે.

તારીખ: ઈ.ચા. જનરલ મેનેજર
સ્થળ : ગાંધીનગર ગુ.રા.ના.પુ.નિ.લિ.,ગાંધીનગર.

# માહિતી પુસ્તિકા

Corporate Identity Number [CIN] U65910-GJ1980SGC003957
Email: md-gscsc@gujarat.gov.in Web site: www.gscscl.gujarat.gov.in

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ સેકટર ૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે,ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨ ૨૧૦૩૭/૩૮ ફેકસ નં. (૦૭૯) ૨૩૨ ૨૨૭૦૭

**(જાહેરાત ક્રમાંક:ગુ.રા.પુ.નિ.લિ/વર્ગ-૨/૨૦૧૬/૧)**

**(વેબ સાઇટ એડ્રેસ :https://ojas.gujarat.gov.in)**

ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર ધ્વારા વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે ઓન લાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબ સાઇટ પર તારીખ ૨૯.૦૬.૨૦૧૮ (બપોરના ૧૪:૦૦કલાક) થી તારીખ ૧૩.૦૭.૨૦૧૮ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય અને વય મર્યાદામાં છુટછાટ, પરિક્ષા પધ્ધતિની વિગતો, ઓન લાઇન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી, વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપૂર્ણ સુચનાઓ સદર વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે તે તમામ રસ ધરાવતા ઉમેદવારોએ ડાઉનલોડ કરી તેનો અભ્યાસ કર્યા બાદ જરૂરીયાત મુજબના પ્રમાણપત્રો/માર્કશીટ, અનુભવના નિયુક્તિપત્રો, અનુભવના પ્રમાણપત્રો, પગારની સ્લીપ વિગેરે દસ્તાવેજો પોતાની સાથે રાખી પોતાને લગતી વિગતો મુજબ જ ઉમેદવારે ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઓન-લાઇન અરજીમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ થનાર વિગતોમાં વિસંગતતા માલુમ પડશે તો અરજી અમાન્ય રાખવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત (સામાન્ય) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જન જાતિ | | પગાર-ધોરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | મ | પુ | મ | પુ | મ | પુ | મ | (ગ્રેડ પે સાથે) |
| ૧ | નાયબ મેનેજર (કોમર્સ) | ૮ | ૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૯૩૦૦–૩૪૮૦૦ (૪૬૦૦) (સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |
| ૨ | નાયબ મેનેજર (હિસાબ/નાણાં) | ૮ | ૩ | ૨ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૩૦૦–૩૪૮૦૦ (૪૬૦૦) (સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |

નોંધ: માજી સૈનિકના કિસ્સામાં ૧૦% મુજબ ૧+૧=૨ જગ્યા માટે જે કેટેગરીના ઉમેદવાર પ્રાપ્ત થશે તે કેટેગરીના ઉમેદવારની સંખ્યામાં ધટાડો નોંધાશે.

(૧) <u>જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ થવાની શકયતાઓ છે. જે બાબતનો નિગમનો નિર્ણય આખરી રહેશે.</u>

(૨) ભરતી માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર તથા અન્ય વિગતો:

| ૧ | ૧ | જગ્યાનું નામ | નાયબ મેનેજર(કોમર્સ) |
|---|---|---|---|
| | ૨ | શૈક્ષણિક લાયકાત | ૧.યુજીસી માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીની વિજ્ઞાન/ વાણિજય/ ઇજનેરી/ કૃષિવિદ્યાશાખાની (પ્ર.શાખાઓ સહિત)પ્રથમ વર્ગની પદવી<br>અથવા<br>યુજીસીમાન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીના અનુસ્નાતકની બીજા વર્ગની વિજ્ઞાન/ વાણિજય/ઇજનેરી/કૃષિ ની પદવી (પ્ર.શાખાઓ સહિત)<br>અને<br>૨. યુજીસી માન્યતાપ્રાપ્તસંસ્થાનીએમ.બી.એ. ની ઓછામાં ઓછાં ૬૦% ગુણ સાથેની પદવી. |
| | ૩ | અનુભવ | સ્નાતક/અનુસ્નાતક/એમ.બી.એ.ની ઉપાધિ મેળવ્યા બાદનો છેલ્લી ડિગ્રી મેળવી હોય ત્યાર પછીનો સરકારી/અર્ધ સરકારી/જાહેર/ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો સુપરવાઈઝરી કેપેસીટીનો અનુભવ |
| | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે. |
| | | | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સ ઓન કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC+)સમકક્ષ અથવા નિગમ/સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૫ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૬ | ઉંમર | વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૭ | પગાર ધોરણ (ગ્રેડ પે સાથે) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (૪૬૦૦)<br>(સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |

| ૨ | ૧ | જગ્યાનું નામ | નાયબ મેનેજર (હિસાબ/નાણાં) |
|---|---|---|---|
| | ૨ | શૈક્ષણિક લાયકાત | ૧.યુજીસી માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી ની વિજ્ઞાન/વાણિજય/ઇજનેરી/કૃષિ વિદ્યાશાખા ની (પ્ર.શાખાઓ સહિત) પ્રથમ વર્ગની પદવી<br>અથવા<br>યુજીસીમાન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીના અનુસ્નાતકની બીજા વર્ગની વિજ્ઞાન/વાણિજય/ઇજનેરી/કૃષિ ની પદવી (પ્ર.શાખાઓ સહિત)<br>અને<br>૨. યુજીસી માન્યતા પ્રાપ્ત સંસ્થાની એમ.બી.એ. ની ઓછામાં ઓછાં ૬૦% ગુણ સાથેની પદવી. |
| | ૩ | અનુભવ | સ્નાતક/અનુસ્નાતક/એમ.બી.એ.ની ઉપાધિ મેળવ્યા બાદનો છેલ્લી ડિગ્રી મેળવી હોય ત્યાર પછીનો સરકારી/અર્ધ સરકારી/જાહેર/ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો સુપરવાઈઝરી કેપેસીટીનો અનુભવ |

| | | | |
|---|---|---|---|
| | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે. |
| | | | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સ ઓન કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC+)સમકક્ષ અથવા નિગમ/સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૫ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૬ | ઉંમર | વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૭ | પગાર ધોરણ (ગ્રેડ પે સાથે) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (૪૬૦૦)<br>(સાતમા પગારપંચ મુજબ ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

૧.રાષ્ટ્રીયતા :- ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબ રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

ઉમેદવાર,

(ક)ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાંભારતમાં આવેલા હોવા જોઈએ. અથવા

(ચ) મૂળ ભારતીય વ્યકિત કે જેભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર) શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસ્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેર, ઈથોપીયા અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલા હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

નોંધઃ- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે અને જો નિમણુંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણુંક આપશે.

૨. ભરેલા અરજીપત્રક :-

(૦૧) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૦૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૦૩) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૦૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ પર પુરૂષતેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઈ શકે છે, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૦૫) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નથાય તો આ જગ્યાઓ પર

પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઈ શકેછે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવાર પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઈ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરૂષ ઉમેદવારો પસંદગી પામી શકેછે.)એટલેકે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી (જનરલ/એસઇબીસી/એસટી/એસસી) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૦૬) જેઓને બન્ને સંવર્ગમાં અરજી કરવાની હોય તો બન્ને માટે અલગઅલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સામે નિયત મુજબની પરીક્ષા ફી ભરવાની રહેશે.

૩. જન્મ તારીખ :-

(૧) નિગમ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. બોર્ડ ધ્વારા અપાયેલ એસ.એસ.સી. પ્રમાણપત્ર/જન્મનું પ્રામાણપત્ર માન્ય રાખે છે. વિસંગતતાના કિસ્સામાં નિગમ જન્મનું પ્રમાણપત્ર આખરી ગણશે. પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે.આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ............છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય નિગમ ધ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈપણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

૪. વયમર્યાદા :-

(૧) ઉંમર અરજી સ્વિકારવાની છેલ્લી તારીખના રોજ સુધીની ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોઅને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો તથા (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | બિનઅનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોઅને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટવાટ મળવાપાત્ર છે. | દશ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે. તેનો સમાવેશ થઈ જાય છે. વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |

| | | |
|---|---|---|
| ૪ | માજી સૈનિકો, ઈસી.ઓ.એસ.એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

૫. શૈક્ષણિક લાયકાત :-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત યુજીસી માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ.

(૩) નિગમ ધ્વારા માંગવામાં આવે ત્યારે ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે અને ગુણપત્રક ઉપરાંત માન્ય યુનિવર્સિટિનું ડીગ્રી બાબતના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવોસ્વીકારવામાંઆવશે નહીં.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

(૬) જે કિસ્સામા ઉમેદવારના ગુણ પર્સન્ટાઇલમા હોય તે પર્સન્ટેજના રુપાંતર કરી અરજી ફોર્મમા દર્શાવવાના રહેશે.

૬. અનુભવ :-

(૧) શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીથી પૂર્ણ સમયનો અનુભવ,અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે. જરૂરી શૈક્ષણિક લાયકાત પહેલાનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિં.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાંઆવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત પછીના અનુભવના પ્રમાણપત્ર તથા પ્રથમ પગાર સ્લીપ અને છેલ્લી પગાર સ્લીપ રજુ કરવાની રહેશે. અલગ-અલગ સંસ્થામાં અનુભવના કિસ્સામાં તે સંસ્થામાં જોડાયાની પ્રથમ પગારની સ્લીપ અને છેલ્લા પગારની સ્લીપ ક્રમાનુસાર તબક્કાવાર રજુ કરવાની રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વિકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદ વેતન, આમંત્રિત ફેકલ્ટીતરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

(૬) પાર્ટ ટાઈમનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિ.

૭. અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલનહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભમેળવવાનો હકક દાવો માન્યરાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિપ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્રજાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઈએ. આ પ્રમાણપત્ર તા.૦૧-૦૪-૧૬ થી તા.૩૧-૩-૧૭ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઈએ. અરજી સાથે પરિશિષ્ટ (ક) ના બદલે Annexure-A(અંગ્રેજીમાં) કઢાવેલ નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-Aકેન્દ્ર સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારેઆપ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટેપણવિચારણામાંલેવામાંઆવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામતવર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવતાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

(૯) અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ના થતો હોવા અંગેનું નિયત સમયગળાનું અને નિયત નમુનાનુ પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને બિન અનામત ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે અને તેવા ઉમેદવારોને બિન અનામતની શરતો લાગુ પડશે.

(૧૦) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના પરણિત મહિલા ઉમેદવાર નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવક્ના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈએ. જો આવાઉમેદવાર તેમના પતિનીઆવકના સંદર્ભમાં પ્રમાણ પત્ર ધરાવતા હશે તો ધ્યાનેલેવામાં આવશે નહિ.

૮. મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category)મહિલા ઉમેદવાર સામે પુરૂષ ઉમેદવાર ધ્યાને લેવામાં આવશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

૯. વિધવા મહિલા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ ન હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા"અચૂકલખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુનઃ લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભમેળવવા ઈચ્છતા હોયતો અરજી સાથે પુનઃ લગ્ન કરેલ નથી તેવી એફિડેવીટ રજુ કરવાની રહેશે.

(૪) સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક.સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨),તા.૨૨.૫.૯૭અનુસાર વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણમાં તેના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.પરંતુ તેઓએ નિમણૂંક સમયે કે તે પહેલા પુન: લગ્ન કરેલ ન હોવા જોઈએ અને નિગમ જ્યારે માગે તે તમામ આ બાબતના સાધનિક પુરાવાઓ અસલમાં રજુ કરવાના રહેશે.

૧૦. ના વાંધા પ્રમાણપત્ર :-

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથીઅરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે નિમણુંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (પરિશિષ્ટ-ખ)

(૩) પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૧. ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૨. ફરજિયાત નિવૃતિ, રૂખસદ, બરતરફ :-

ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે અને આવા ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૧૩. અભ્યાસક્રમ ::

**નાયબ મેનેજર(કોમર્સ) ની સીધી ભરતી અન્વયે લેખિત કસોટી–ઓપ્ટીકલ માર્ક રીડીગ (ઓ.એમ.આર.) પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ**

**ગુણ:૧૫૦** **સમય ૨–૦૦ કલાક**

| ક્રમ | વિષય | માર્કસ |
|---|---|---|
| ૧ | **કોમ્પીટેટીવ / કવોન્ટેટીવ એબીલીટી/ એનાલીટીકલ એબીલીટી/ લોજીકલ રીઝનીંગ**<br>(રીઝનીંગ, એનાલીટીકલ એબીલીટી, જનરલ મેન્ટલ એબીલીટી, ડીસીઝન મેકીંગ અને પ્રોબ્લેમ સોલ્વીંગ, ઈન્ટરપર્સનલ સ્કીલ્સ ઈનકલ્યુડીંગ કોમ્યુનીકેશન સ્કીલ્સ,ડેટા ઈન્ટર પ્રીટેશન, ડેટા સફીસીયંસી, બેઝીકન્યુમરસી | ૫૦ |
| ૨ | **રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સામાન્ય જ્ઞાન**<br>ભારતનો ઈતિહાસ અને ભુગોળ, ભારતનું બંધારણઅને રાજનીતિ, આર્થિક અને સામાજીક વ્યવસ્થા અને વિકાસ, ડેમોગ્રાફીક, સોશ્યલ સેકટર ઈનીસીયેટીવ, સાયન્સ અને ટેકનોલોજી, દેશ અને વિદેશને લગતા વર્તમાન પ્રવાહો,ખેલજગત | ૨૫ |
| ૩ | **ગુજરાત રાજય વિષેનું સામાન્ય જ્ઞાન**<br>ગુજરાતની ભૌગોલિક બાબતો અને કુદરતી સંપત્તિ, ગુજરાતની ખેતી અને ઉદ્યોગો, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા અને ધર્મ. ઈતિહાસ, બંધારણ અને રાજનીતિ, અર્થશાસ્ત્ર, ગુજરાતની સામાજીક અને આર્થિકવ્યવસ્થા તથા વિકાસ | ૨૫ |
| ૪ | **ગુજરાતી ભાષા અંગેનું જ્ઞાન**<br>**વ્યાકરણ**:–જોડણી, સમાનાર્થી શબ્દો, વિરૂધ્ધાર્થી શબ્દો, અલંકાર, સમાસ, છંદ, સંધિ, રૂઢિપ્રયોગ, કહેવતો, શબ્દસમુહ માટે એક શબ્દ | ૧૫ |
| ૫ | **અંગ્રેજી ભાષા અંગેનું જ્ઞાન**<br>**વ્યાકરણ**:–Articles, Pronouns, Adjectives, Prepositions, Conjuctions, Question Tag, Verb & Tense, Agreement between subject and verb, Gerund, Participles, Model Auxilaries, Usage of Can, May, Could, Should Etc., Use of some, any, many, few, a little, since, for, Active and Passive Voice, Degree of adjectives, Common errors of usage | ૧૫ |
| ૬ | **ઈન્વેન્ટરી મેનેજમેન્ટ,સ્ટોરેજ મેનેજમેન્ટ, કર્વાલીટી મેનેજમેન્ટ, કોન્ટ્રાકટ અને લોજીસ્ટીક મેનેજમેન્ટ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ** | ૨૦ |
| | **કુલ માર્કસ** | ૧૫૦ |

**નાયબ મેનેજર(હિસાબ) ની સીધી ભરતી અન્વયે લેખિત કસોટી–ઓપ્ટીકલ માર્ક રીડીંગ (ઓ.એમ.આર.) પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ**

**ગુણ:૧૫૦** **સમય ૨–૦૦ કલાક**

| ક્રમ | વિષય | માર્કસ |
|---|---|---|
| ૧ | **કોમ્પીટેટીવ / ક્વોન્ટેટીવ એબીલીટી/ એનાલીટીકલ એબીલીટી/ લોજીકલ રીઝનીંગ** (રીઝનીંગ, એનાલીટીકલ એબીલીટી, જનરલ મેન્ટલ એબીલીટી, ડીસીઝન મેકીંગ અને પ્રોબ્લેમ સોલ્વીંગ, ઈન્ટરપર્સનલ સ્કીલ્સ ઈનકલ્યુડીંગ કોમ્યુનીકેશન સ્કીલ્સ,ડેટા ઈન્ટર પ્રીટેશન, ડેટા સફીસીયંસી, બેઝીકન્યુમરસી | ૪૦ |
| ૨ | **રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સામાન્ય જ્ઞાન** ભારતનો ઈતિહાસ અને ભુગોળ, ભારતનું બંધારણ અને રાજનીતિ, આર્થિક અને સામાજીક વ્યવસ્થા અને વિકાસ, ડેમોગ્રાફીક, સોશ્યલ સેકટર ઈનીસીયેટીવ, સાયન્સ અને ટેકનોલોજી, દેશ અને વિદેશને લગતા વર્તમાન પ્રવાહો, ખેલજગત | ૧૫ |
| ૩ | **ગુજરાત રાજય વિષેનું સામાન્ય જ્ઞાન** ગુજરાતની ભૌગોલિક બાબતો અને કુદરતી સંપત્તિ, ગુજરાતની ખેતી અને ઉદ્યોગો, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા અને ધર્મ. ઈતિહાસ, બંધારણ અને રાજનીતિ, અર્થશાસ્ત્ર, ગુજરાતની સામાજીક અને આર્થિકવ્યવસ્થા તથા વિકાસ | ૧૫ |
| ૪ | **ગુજરાતી ભાષા અંગેનું જ્ઞાન** **વ્યાકરણ** :–જોડણી, સમાનાર્થી શબ્દો, વિરૂધ્ધાર્થી શબ્દો, અલંકાર, સમાસ, છંદ, સંધિ, રૂઢિપ્રયોગ, કહેવતો, શબ્દસમુહ માટે એક શબ્દ | ૧૦ |
| ૫ | **અંગ્રેજી ભાષા અંગેનું જ્ઞાન** **વ્યાકરણ** :–Articles, Pronouns, Adjectives, Prepositions, Conjuctions, Question Tag, Verb & Tense, Agreement between subject and verb, Gerund, Participles, Model Auxilaries, Usage of Can, May, Could, Should Etc., Use of some, any, many, few, a little, since, for, Active and Passive Voice, Degree of adjectives, Common errors of usage | ૧૦ |
| ૬ | **ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, સ્ટોરેજ મેનેજમેન્ટ, કર્વાલીટી મેનેજમેન્ટ, કોન્ટ્રાકટ અને લોજીસ્ટીક મેનેજમેન્ટ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ** | ૨૦ |
| ૭ | **જનરલ એકાઉન્ટીગ પ્રિન્સીપલ એન્ડ એકાઉન્ટીગ સીસ્ટમ, બેન્કીંગ, ફાઈનાન્સ, ડાયરેકટ એન્ડ ઈનડાઈરેકટ ટેકસેશન, ઓડીટીંગ, બજેટ, કોસ્ટીંગ** | ૪૦ |
| | **કુલ માર્કસ** | ૧૫૦ |

**રીમાર્કસ :–**

(૧) પ્રશ્નપત્રમાં નેગેટીવ ગુણ પધ્ધતિ પ્રમાણે દરેક ખોટા જવાબદીઠ અથવા પ્રશ્નનો જવાબ ન આપ્યો હોય તેવા કિસ્સામાં ૦.૨૫ મુજબ ગુણ કપાશે.

(૨) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર"A""B""C" અને "D" પૈકી કોઈ એક રહેશે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ "E"(જવાબ આપવા માંગતા નથી.)આપવાનો રહેશે જેના કોઈ માર્કસ મલશે પણ નહિ અને તે અંગેના કોઈ માર્કસ કાપવામાં પણ આવશે નહિ. બધા જ પ્રશ્નોના જવાબ આપવા ફરજીયાત છે અન્યથા ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ પ્રશ્ન દીઠ ૦.૨૫ ગુણ કપાશે.

૧૪. માત્ર પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત :-

(૧) પ્રમાણપત્રોની ખરાઈમાટે નિગમ નિયત કરે તે સ્થળે રાખવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિતથવાનું રહેશે.

(૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ ધ્વારા નિયત થયેલ ટિકીટના

દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું  રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે જ રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ નિયુકિત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૧૫. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઈન મુસદા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેકસથી અથવા ઈ-મેઈલથી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હોય.

(૮) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલપ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનુંનોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૨) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્ર/જન્મના દાખલાની નકલ રજુ કરેલ ન હોય.

(૧૩) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય, જેટલા અનુભવના પ્રમાણપત્રો રજુ કરેલ હોય તેના નિમણુંકપત્રો તથા પહેલા અને છેલ્લા પગાર સ્લીપની નકલ રજુ કરી ન હોય.

૧૬. નિમણુંક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણુંક માટે પસંદ થયેલા ઉમેદવારને નિગમ ધ્વારા જાણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણુંકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી+ અથવા તેની સમકક્ષ નિગમ નકકી કરે તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે. આ પ્રકારની પરીક્ષામાં ઉત્તીર્ણ નહીં થનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણુંક અંગેનો કોઈપણ પત્રવ્યવહાર નિગમ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલપ્રમાણપત્રો કોઈપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમને રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ નિગમમાં રજુ કરવા.

(૪) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ની વડીકચેરી હાલ ગાંધીનગર ખાતે છે. આ ઉપરાંત નિગમની પેટા કચેરીઓ ગુજરાતના અલગ અલગ જિલ્લા વિસ્તારોમાં આવેલી છે જેથી પસંદગી પાત્ર ઉમેદવાર નિગમ/સરકારની કોઈપણ કચેરી ખાતે નિમણુંક/બદલીને પાત્ર રહેશે.

(૫) નિમણૂક પામેલા ઉમેદવારે નિગમને તેઓના એક વર્ષના સમયગાળાના પગાર જેટલી રકમનું અથવા રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવે તે મુજબનું નિગમ સાથે નિગમ જણાવે તે ફોર્મેટમાં સર્વિસબોન્ડમાં સહી સિક્કા કરવાના રહેશે.

(૬) નિમણુક પામેલા ઉમેદવારને એક વર્ષનો પ્રોબેશન પિરીયડ રહેશે. પ્રોબેશન પિરીયડ ના એક વર્ષ દરમિયાન કામગીરી સંતોષકારક જણાશે તેઓને જ નિયમિત કરવામાં આવશે.

૧૭. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહીં, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઈ ઉમેદવાર નિગમ ધ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા.

(૨) નામ બદલીને પરીક્ષા આપવી.

(૩) કોઈ અન્ય વ્યકિત ધ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય.

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય.

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય.

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય.

(૭) કસોટી સમયે કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય.

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય.

(૯) પરીક્ષા ખંડમાં કોઈપણ રીતની ગેરવર્તણુંક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીનીનકલ કરવી, પુસ્તક, ગાઈડ, કાપલી તેવા કોઈપણ છાપેલ કેહસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત ધ્વારા કે કોઈ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલકરાવવાની ગેરરીતીઓ પૈકી કોઈપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) નિગમ પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઈપણ પ્રકારની શારીરિક ઈજા પહોંચાડવી, અથવા

(૧૧) ઉપરોકત જોગવાઈઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઈપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે કેસીધી અથવા આડકતરી રીતે નિગમ પર પરોક્ષકે પ્રત્યક્ષ દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ પ્રયત્ન કર્યો હોય ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(૧૨) ઉત્તર પત્રકમાં પોતાની ઓળખ સુચક કોઈ પણ પ્રકારની નિશાની લખાણ/આલ્ફાબેટ ચિન્હ જેના થી ઓળખ પ્રસ્થાપીત થાય તેવા પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(ક) નિગમ ધ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઈપણ પરીક્ષા કે કોઈપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે,

(૧) નિગમ ધ્વારા લેવાનાર કોઈપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઈપણ નોકરીમાંથી સરકાર ધ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

(૧૩) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા નિગમ/સરકાર દ્વારા ઉમેદવારને/કર્મચારીને,

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું - હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

૧૮. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત: -

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે, ઉમેદવાર તા.૨૯.૦૬.૨૦૧૮ ૧૪:૦૦ કલાકથી તા.૧૩.૦૭.૨૦૧૮ ૨૩:૫૯કલાક સુધીમાં https://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. confirmation number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ htpps//ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply On Line Clickકરવું.

આ પ્રમાણે Click કરવાથી (1) More Detailsતથા (2) Apply Nowબટનદેખાશે. સૌ પ્રથમ More Detailsપર Clickકરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો, અને ત્યાર બાદ Apply Now બટન કિલક કરવું.

(૩) તેની નીચેApply Nowપર Click કરવાથી Application Formatદેખાશે. ClickApplication Formatમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારેભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જયાં Mobile Number અને email IDમાંગ્યા છે. તેની વિગત લખવી જેથી જરૂર જણાયે નિગમ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૪) Personal Detailsભરાયા બાદ Educational Detailsભરવા માટે Educational Detailsપર Click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૫) Additional Qualification "click" કરી Additional Qualificationભરવી.

(૬) Experience Detailsપર "click" કરવું. અને Experience Details ભરવી. વધુExperienceઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "Click" કરી Detailsભરવી.

(૭) તેની નીચે "Self-declaration" માં Yes / Noપર click કરવું.

(૮) હવે save પર "click" કરવાથી તમારો Data Saveથશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં નિગમ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૯) જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઈને કરી શકાશે. આ સુવિધા અરજી Confirmકરતાં પહેલાં ઉપલબ્ધ છે. એક વખત Confirmથઈ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં upload photoપર "click" કરો અહીં તમારો application number typeકરો અને તમારી Birth date typeકરો. ત્યારબાદ ok પર "click" કરો. અહીં, photoઅને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને signatureનું માપ ૨.૫ સે.મી. ઊંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (photoઅને signature upload કરવા સૌ પ્રથમ તમારો photoઅને signature .jpg Formatમાં (10 KB)સાઈઝથી વધારે નહીં તે રીતે Computerમાં હોવા જોઈએ.) "Browse" Buttonપર clickકરો હવે Choose Fileના સ્કીનમાંથી જે ફાઈલ .jpg Formatમાં તમારો photo storeથયેલ છે તે ફાઈલને ત્યાંથી Selectકરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ (૩) બટન ૧: OK ૨: Application preview ૩: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ, અરજી confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર clickકરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો નિગમમાં online સ્વીકાર થઈજશે.અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૨) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂા.૫૦૦/-પરીક્ષા ફી +પોસ્ટલ સર્વિસ ચાર્જરૂ.૧૨/-તેમજ મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટઓફીસમાં રૂા.૨૫૦/- + પોસ્ટલ સર્વિસ ચાર્જ રૂ.૧૨/- તા.૧૬.૦૭.૨૦૧૮, ૧૫:૦૦ કલાક સુધીમાં ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાનીપાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે નિગમ ધ્વારા મંગાવવામાં આવે,ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા નિગમની  કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૩) અરજી ફી:

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂા.૫૦૦/- પરીક્ષા ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ રૂ.૧૨/-ભરવાનો રહેશે અને ફી ભર્યાઅંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટઓફીસમાં રૂા.૨૫૦/- પરીક્ષા ફી +પોસ્ટલ સર્વિસ ચાર્જ રૂ.૧૨/-ભરવાનો રહેશેઅને ફી ભર્યાઅંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવાઉમેદવારનેકોઈપણ સંજોગોમાં પ્રાથમિક કસોટી પરીક્ષામાં બેસવા દેવામાંઆવશે નહીં. આ ફી ફકત પોસ્ટઓફીસ ધ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફટથી,ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૧૪) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે.

(૧૫) અરજીપત્રક સાથે માંગવામાં આવે ત્યારે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી(આયાદી ફકત ઉમેદવારોને મદદ રૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઈ તથા પરીક્ષા નિયમોની જોગવાઈ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૦૧ | એસ.એસ.સી. બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય (શાળા છોડયાના S.L.C. પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) અથવા જન્મના દાખલાની પ્રમાણીત નકલ. |
| ૦૨ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. |
| ૦૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુ. જાતિ માટે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ. |
| ૦૪ | UEWS(Unreserved Economically Weaker Section)૧૦% અનામત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારી ના વિભાગ નો ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા:૬/૫/૧૬ મુજબ અમલ વારી કરવાની થાય છે. તેમા જણાવેલ પરિશિષ્ટ અ આર્થિક નબળાં વર્ગો ના ઉમેદવારે તે રજુ કરવાની રહેશે. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના "ક" મુજબ ગુજરાતીમાં આવતુ પ્રમાણપત્ર બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure - A માન્ય નથી. |
| ૦૬ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષનું ગુણપત્રક / પદવી પ્રમાણપત્રની નકલ. |
| ૦૭ | સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ (જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) અનુભવનો પ્રકાર (૪) મેળવવામાં આવતાં પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય) જેટલી સંસ્થામાંથી અનુભવ મેળવેલ હોય તે તમામ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ નિમણુંકપત્રની નકલ, પહેલી તથા છેલ્લા પગાર સ્લીપની નકલ. |
| ૦૮ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ 'ના-વાંધા' પ્રમાણપત્રની નકલ અચૂક રજુ કરવાની રહેશે., અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહીં. (સામાન્ય વહીવટ વિભાગના તા.૮.૧૧.૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ. (પરિશિષ્ટ-ખ) |
| ૦૯ | વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું. |

આ તબકકે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો/પ્રમાણપત્રો વગેરે અંગે પુરતી કાળજી ઉમેદવારો ધ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઈક પ્રમાણપત્રો બિડવાના રહી જતા હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સુચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ નિગમે તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે ઓનલાઈન અરજીનિગમમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી પાત્રતા મુજબના તમામ દસ્તાવેજો/કાગળો/પ્રમાણપત્રો રજુ કરવામાં આવે તે જોવા ખાસ જણાવવામાં આવે છે.

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ને સંપુર્ણ અધિકાર રહેશે. આ માટે કારણો આપવા નિગમ બંધાયેલ રહેશે નહિ.

ઈ.ચા. જનરલ મેનેજર
ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.

પરિશિષ્ટ- ક

રાજય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજુ કરવાના પ્રમાણપત્રનો નમુનો....

..............................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ..........................................જિલ્લાના ............................... તાલુકાના ...................................................................ગામના

શ્રી / કુ. ...........................................ના પુત્ર / પુત્રી .............................. જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧.૪.૭૮ ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/હ. તેમજ ત્યારબાદના વખતો વખતના સુધારા / વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી..................................................... અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ................................. જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે / તેથીનો ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧.૧૧.૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશય-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર)ની વ્યકિત / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : ................................ સક્ષમ અધિકારીની સહિ,

(સીલ) હોદ્દો :

-------------------------------------------------------

નોંધ :

ક) ઉપર દર્શાવેલ "સાામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એકટ, ૧૯૫૦) ની કલમ- ૨૦ જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજય સરકારના રાજયપત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજયપત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ/સક્ષમ અધિકારી ધ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પુરતાં ગણવામાં આવશે નહિ.)

## પરિશિષ્ટ- ખ

## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

ક્રમાંક : ..................................................................................તા............................

સા.વ.વિ.ના તા.૮.૧૧.૮૯ ના પરિપત્ર ક્રમાંકઃ એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-ર થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ............................................................ આ ખાતામાં તા.............................થી સતત જગ્યા પર કામ કરે છે.

૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જયારે તેઓની સરકારમાં પ્રથમ નિમણુંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પધ્ધતિ ધ્વારા હંગામી / કામયમી રીતે કરવામાં આવી છે.

૩. જગ્યાનું નામઃ .................................................................. (વર્ગ-............. જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ ............................................................... એ અરજી કરી છે તે ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ :

તારીખ :

પ્રતિ,

શ્રી.....................................

.........................................

.........................................

નકલ રવાના :

## પરિશિષ્ટ-ખ

## નિયત કોમ્પ્યુટર પરિક્ષાનો અભ્યાસક્રમ

## COURSE ON COMPUTER CONCEPT (CCC+)

**Total Duration : 75 Hours.**

**Section : 1**

**Duration : 25 Hours.**

- **Operating System & Office Productivity Tools**
- Microsoft Windows XP/ 2003
- MS Word 2003 including using Mail Merge and Track Changes.
- MS Excel 2003 in depth ( Usage of all formulas, functions, arguments, data filter etc.)
- MS Power Point including creating presentations.
- MS Outlook 2003 including using managing & organising e- mail messages, schedules tasks, notes, contacts & other information.
- File and Folder Management
- Overview & usages of PDF

**Section-2 :**

**Duration: 20 Hours.**

- **Microsoft Office Indic 2003 ( Gujarati)**
- Introduction about MS Office 2003 Indic
- How to start Word? Methods of starting Word 2003
- How to change language English to Gujarati
- Introduction about the Gujarati Keyboards
- Introduction about the Gujarati IME. Difference between Remington and Transliteration K/B.
- How tc operate the K/B. What is Transliteration K/B.
- How tc type different Characters and Words from transliteration K/B.
- How tc use IME help? How to use spelling grammars check in Gujarati?
- What is smart Tag? What is Thesaurus?
- How to change the menu from English to Gujarati
- Convert the ASCII font to Unicode from TBIL Converter

**Section-3:**

**Duration: 10 Hours.**

- **Troubl shooting, Installation and Best Practices**
- Unders ınding Storage devices
- How to ıse a DVD / CD / ROM and floppy.
- Burnin DVD / CD
- Taking ata on and from a flash drive, pen drive
- Using c ta and resources from a Local Area Network
- Using I P for uploading and downloading of Data from the Internet
- Informa ion on Scanner and scanner software usage/ configuration
- **Installations:**
- Installing basic software's like MS Office, etc.
- CD Burning software (Nero etc.)

- Installing or adding printers
- Installing or adding Fonts
- Installing sound drivers
- Installing drivers for any new hardware
- Installing new software and removing them using the control panel

➢ **Best Practices:**

- Understanding patches, upgrades, versions and installing them.
- Disk cleanup
- Regular updating of anti virus software
- scandisk
- Backups in detail including the following:
  - Backup through Application
  - Backup through Utilities and Tools
  - Record Retention.

➢ **Troubleshooting:**

- Troubleshooting Tools
- Troubleshooting Viruses
- Troubleshooting Fundamentals
- Problems that keep a computer from starting
- Troubleshooting OS
- Problems after a Computer Boots

**Section-4:**

**Duration: 10 Hours.**

➢ **Technology Track**

- **Networking / Internet Concepts ( 7 Hours)**

a. Understand Network Implementation and troubleshoot Network Support.
b. Understand Internet Basics, Connections and WAN Connections.
c. Information on Internet explorer usage and various options / settings available.
d. Understand DNS and Uniform Resources Locators.
e. Understand Firewalls and different Types of Virtual Private Networks.

- **Security ( 3 Hours)**
  a. General Security Concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts)
  b. Communication of Security
  c. Infrastructure Security
  d. Operational and Organizational Security

**Section-5:**

**Duration: 10 Hours.**

➢ **Project Management Track**

- Overview of Project Management
- Project Framework.
- Project Management Concepts including Integration, Scope Management, Cost Management, Time Management, Quality Management, Communication Management, Risk Management & Procurement Management.
- Overview of Microsoft Project 2003

પ્રમાણપત્ર ક્રમાંકઃ-..................

સત્યમેવ જયતે

ગુજરાત રાજય

પરિશિષ્ટ-અ

ફોટો

**ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને અનામતનો લાભ લેવા માટેનું પ્રમાણપત્ર**

**(ફક્ત ગુજરાત સરકાર હેઠળના લાભો માટે)**

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/ શ્રીમતી/કુમારી ..........................................શ્રી .............................................................. ના પુત્ર/પુત્રી છે. તેઓ ગામ/નગર ........................ તાલુકો .......................... જિલ્લો..........................ના રહેવાસી છે. તેઓને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૬. ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ થી બહાર પાડવામાં આવેલ ઠરાવ અને આ અંગે નિર્ધારિત નીતિ માટેના વખતો વખતના ઠરાવો મુજબ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છે.

આ પ્રમાણપત્ર ચાલુ નાણાકીય વર્ષ સહિત ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

| | |
|---|---|
| સ્થળ :- | સહી/- |
| | નામ :- |
| તારીખઃ- | હોદ્દોઃ- |
| (કચેરીનું રાઉન્ડ સીલ) | (કચેરીના સિક્કા સહિત) |

રજુ કરેલ આધારોઃ-

૧.

૨.

3.